# ભારતમાં આરતી ડ્રગ્સ કંપનીના ચોખ્ખા નફાનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)

જીનલબેન ધનસુખભાઈ ટંડેલ

**સંશોધનસાર**

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલ કંપની BSE અને NSE માં નોંધાયેલ છે. તેના વાર્ષિક હિસાબો પ્રકાશિત થતા હોય છે. આથી અધ્યેતાએ 'ભારતમાં આરતી ડ્રગ્સ કંપનીના ચોખ્ખા નફાનું વિશ્લેષણ' વિષય પર સંશોધન કાર્ય હાથ ધર્યુ હતું. જેમાં અધ્યેતા દ્વારા કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. આ હેતુઓ આધારીત કંપનીઓના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાપ્ત કરેલ માહિતીના આધારે ગુણોત્તર વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી નાણાકીય અને આંકડાકીય પધ્ધતિનો ઉપયોગ કરી સંશોધનને વૈજ્ઞાનિક ઓપ આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનના નીચે મુજબ મુખ્ય તારણો મળ્યા હતા.

૧.આરતી ડ્રગ્સ કંપનીએ સંપુર્ણ નાણાકીય મજબૂતાઇ જાળવી રાખી છે.
૨.આરતી ડ્રગ્સ કંપનીએ નફાકારકતા જાળવી રાખી છે.
૩.આરતી ડ્રગ્સ કંપનીનું પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.
૪ આરતી ડ્રગ્સ કંપનીનું ભાવિ ઉજળુ છે.

કંપનીએ પોતાના વેચાણના સંદર્ભમાં ચોખ્ખાનફાનો દર જાળવી રાખ્યો છે. કંપનીએ પોતાની નફાકારકતા જાળવી રાખી છે. આ કંપનીનો ચોખ્ખો નફો સમગ્ર સમયગાળા દરમિયાન સારો હતો. ચોખ્ખો નફો સમગ્ર સમયગાળા દરમિયાન હકારત્મક ક્ષેત્રે હતો. 88% ના સ્તરે કહી શકાયકે નફામાં 7.99`% ના દરે દર વર્ષે વધારો થઈ રહ્યો છે. ભવિષ્યમાં પણ કંપનીની નફાકારકતા સારી હશે.

## ૧. પ્રસ્તાવના

ભારતે આઝાદી પછી વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓનું આયોજન કરી દેશના અર્થતંત્રને ધબકતું કર્યુ. વિવિધ પ્રોજેક્ટ તૈયાર કરી નાણા રોકીને ઔદ્યોગિક વિકાસ શરુ કર્યો. મોટા પાયાના અને નાના પાયાના ઉદ્યોગોને તેમજ લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું. આજે ઔદ્યોગિક વિકાસે દેશને અન્ય દેશોના વિકાસના મુકાબલે સારી એવી પ્રગતિ કરી છે.

ભારતના ઔદ્યોગિક વિકાસમાં ફાર્માસ્યુટીકલ ઉદ્યોગોનો ફાળો પણ ખુબ જ મહત્વપૂર્ણ છે. ભારતનો ફાર્માસ્યુટીકલ ઉદ્યોગોનું મુલ્ય સમગ્ર વિશ્વમાં ત્રીજા ક્રમે છે. હૈદરાબાદ, મુંબઇ, બેંગ્લોર, અને અમદાવાદ ભારતના મુખ્ય ફાર્માસ્યુટીકલ હબ છે. ફાર્માસ્યુટીકલ ઓફ કેમિકલ અને ફર્ટીલાઇઝર્સના જણાવ્યા મુજબ 2008 થી સ્પ્ટે 2009 દરમિયાન ફાર્માસ્યુટીકલ ઉદ્યોગોનો કુલ વેપાર 21.04 અબજ ડોલર હતો. ભારતીય દવાઓની વિશ્વની 200 થી વધુ દેશોમાં નિકાસ થાય છે. જેમાં અમેરીકન મુખ્ય બજાર છે. ભારત જિનેટીક દવાઓનું સૌથી મોટું પ્રદાતા છે.

આરતી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ્ નો એક ભાગ આરતી ડ્રગ્સ લિ. ની સ્થાપના 1984 માં કરવામાં આવી હતી. તેની સ્થાપનાથી કંપનીએ એન્ટિડાયેરીયા, એન્ટિ ઈન્ફ્લેમેટરી થેરાપ્યુરિક ગૃપ્સમાં મજબુત હાજરીની સ્થાપના કરી છે. તારાપુર અને સરીગામ ખાતે તેની ઉત્પાદન સુવિધાઓ પુરી પાડે છે. આ કંપની વિટામિન્સ ,એન્ટી આર્થરાઈટ્સ, એન્ટી

ફંગલ, એન્ટી બાયોટીક્સનું ઉત્પાદન પણ કરે છે. આ વર્ષોથી આ કંપની પોતાના માટે એક ઊંચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે, પોતાનું કદ વિસ્તૃત કરવા આગળ જોઈ રહી છે. આમ,આરતી ડ્રગ્સ કંપનીનું ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે ઘણું પ્રદાન છે. ભારતીય અર્થતંત્રના વૃધ્ધિ અને વિકાસમાં આ ડ્રગ્સ કંપનીની અસર કેવી થઇ છે? આ કંપનીનું ભાવિ કેવું હશે? આ કંપનીની નાણાકીય કામગીરી કેવી છે? આ કંપનીની નફાકારકતા કેવી છે? વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે સંશોધકે પ્રસ્તુત અભ્યાસ માટે 'ભારતમાં આરતી ડ્રગ્સ કંપનીના ચોખ્ખા નફાનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)' વિષય પસંદ કર્યો હતો.

## ૨.સંશોધનની સમસ્યા

અધ્યેતાએ નીચે જણાવેલ સંશોધનની સમસ્યા પસંદ કરેલ હતી.
ભારતમાં આરતી ડ્રગ્સ કંપનીના ચોખ્ખા નફાનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)

## ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે નીચે જેવા હેતુઓ નિર્ધારિત કર્યા હતા.

1. આરતી ડ્રગ્સ કંપનીની નાણાકીય કામગીરીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવા
2. આરતી ડ્રગ્સ કંપનીની વૃધ્ધિ અને વિકાસ જાણવા
3. આરતી ડ્રગ્સ કંપનીનું ભવિષ્ય ઊજળુ હશે કે નબળુ હશે તે જાણવા.
4. આરતી ડ્રગ્સ કંપનીનું વર્ષ દરમિયાનનું પરફોર્મન્સ કેવું છે પ્રગતિના પંથે છે, કે સ્થિરતાના પંથે છે, કે અધોગતિના પંથે છે તે જાણવા.
5. આરતી ડ્રગ્સ કંપનીની વેચાણ સંદર્ભમાં નફાકારકતા જાણવા.

## ૪. સંશોધનનું મહત્વ

કોઇ પણ સંશોધન સમસ્યાનો ઉકેલ શોધવા માટે કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

1. પ્રસ્તૃત સંશોધન રોકાણકારોને ઉપયોગી બનશે આ કંપનીમાં શૅરમાં રોકાણ કરવું ફાયદાકારક છે કે નુકશાનકારક છે.તે અંગેનો નિર્ણય લેવામાં ઉપયોગી બનશે.
2. પ્રસ્તૃત સંશોધન બેન્ક નાણા ધીરનારાઓને પણ આ કંપનીમાં ધિરાણ કરવા અંગેના મહત્વના નિર્ણયો લેવામાં મદદરુપ બનશે.
3. પ્રસ્તૃત સંશોધન રીસર્ચ સ્કોલરને પણ સંદર્ભસાહિત્ય તરીકે યોગ્ય નિર્ણય લેવામા મદદ રૂપ બનશે .
4. પ્રસ્તૃત સંશોધન સરકારને મહત્વના નિર્ણયો લેવામાં અને કરવેરા અધિકારીઓને પણ કરનું આયોજન કરવામાં ઉપયોગી બનશે.
5. પ્રસ્તૃત સંશોધન બિઝનેશમેન પણ કે જેઓ ડ્રગ્સ કંપની સાથે સંકળાયેલા છે. કંપનીનું નાણાકીય કામગીરીનું પરફોમન્સ જાણી શકશે. અને જે કાંઇ સુધારો – વધારો કરવાનો હોય તેના વિશે યોગ્ય નિર્ણય લઇ શકશે.

## ૫. સંશોધનનું સીમાંકન

1. સંશોધન વિશાળ ક્ષેત્ર છે. તેમા સમય, શકિત અને નાણાનો વ્યય થાય છે. પ્રસ્તૃત સંશોધનમાં નીચે જેવી મર્યાદાઓ બની રહી હતી.
2. પ્રસ્તૃત સંશોધન પસંદ કરેલ આરતી ડ્રગ્સ કંપની પૂરતું મર્યાદિત હતો.

3. પ્રસ્તૃત સંશોધન આરતી ડ્રગ્સ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબો પરથી મેળવેલ ગૌણ ડેટા પર આધારિત હતો.
4. પ્રસ્તૃત સંશોધન 2007-08 થી 2016-17 નો સમયગાળો પૂરતો મર્યાદિત હતો.
5. પ્રસ્તૃત સંશોધન કંપનીના નાણાકીય કામગીરીનું વિશ્લેષણ કરવા માટે ચોખ્ખા નફાનું વિશ્લેષણ જેવી પધ્ધતિ પૂરતો મર્યાદિત હતો.

### ૬. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી

ભારતમાં દવા બનાવતી ઘણી કંપનીઓ છે. જે BSE, NSE માં નોંધાયેલી છે. પ્રસ્તૃત અભ્યાસ માટે આરતી ડ્રગ્સ કંપનીને પસંદ કરવામાં આવી હતી. જે તારાપુર અને સરીગામ ખાતે આવેલી છે. આ કંપની BSE , NSEમાં નોંધાયેલ છે આ કંપનીના વાર્ષિક હિસાબો સરળતાથી મળી રહે છે. આ કંપની મોટા કદની છે. આ કંપનીના શેરનું મૂલ્ય પણ ઊંચુ છે. ઘણા વર્ષોથી આ કંપની પોતાના માટે એક ઊંચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. આમ,આરતી ડ્રગ્સ કંપનીનું ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે ઘણું પ્રદાન છે. આમ, આરતી ડ્રગ્સ કંપનીની આ હેતુપૂર્વક પસંદગી કરવામાં આવી હતી.

### ૭. માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તૃત સંશોધન ગૌણ ડેટા આધારીત હતો.પસંદ કરેલ કંપની BSE, NSE માં નોંધાયેલ છે. તેના હિસાબો પ્રકાશિત થતા હોય છે. આ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ ડેટા મેળવવામાં આવ્યા હતા.

### ૮. અભ્યાસના સમયગાળો

પ્રસ્તૃત સંશોધનનો સમયગાળો 2007-08 થી 2016-17 નો પસંદ કરવામાં આવ્યો હતો.

### ૯.૧ પૂર્વધારણા

Ho ભારતમાં આરતી ડ્રગ્સ કંપનીના ચોખ્ખો નફાના વલણમાં કોઈ તફાવત નથી.

H1 ભારતમાં આરતી ડ્રગ્સ કંપનીના ચોખ્ખો નફાના વલણમાં તફાવત છે.

### ૧૦. માહિતીનું વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ આરતી ડ્રગ્સ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે ચોખ્ખો નફાનો ગુણોત્તર શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### ૧૧. ચોખ્ખા નફાનું ગુણોત્તર વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ આરતી ડ્રગ્સ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે ચોખ્ખો નફાનો ગુણોત્તર શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું.
વેચાણના પ્રમાણમાં ચોખ્ખો નફો કેટલા પ્રમાણમાં છે તે જાણી શકાય છે. ચોખ્ખા નફાનું સૂત્ર આ પ્રમાણે છે.

ચોખ્ખા નફાનો ગુણોત્તર = ચોખ્ખા નફો × 100 / વેચાણ

ચોખ્ખા નફાનું ગુણોત્તર વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

**કોષ્ટક નં 1**

| વર્ષ | ચોખ્ખો નફો(કરોડમાં) | વેચાણ(કરોડમાં) | ચોખ્ખાનફાનો ગુણોત્તર |
|---|---|---|---|
| 2007-08 | 13.07 | 310.73 | 4.20 |
| 2008-09 | 15.05 | 376.50 | 3.99 |

| | | | |
|---|---|---|---|
| 2009-10 | 26.10 | 471.42 | 5.53 |
| 2010-11 | 22.47 | 496.50 | 4.52 |
| 2011-12 | 22.46 | 665.36 | 3.37 |
| 2012 –13 | 45.24 | 825.74 | 5.47 |
| 2013 –14 | 61.71 | 971.74 | 6.35 |
| 2014 –15 | 77.60 | 1087.22 | 7.13 |
| 2015 –16 | 66.29 | 1075.50 | 6.16 |
| 2016 –17 | 75.48 | 1088.72 | 6.93 |

(પ્રાપ્તિસ્થાન : વાર્ષિક અહેવાલ www.Aatidrugscompany.com)

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે શરૂઆતના ચાર વર્ષોમાં કંપનીના ચોખ્ખાનફાના ગુણોત્તર માં વધઘટ થઈ રહી છે. ત્યારબાદના બીજા ચાર વર્ષોમાં કંપનીના ચોખ્ખાનફાનો ગુણોત્તરમાં સતત વધારો થઈ રહ્યો છે પરંતુ પાછલા બે-ત્રણવર્ષોથી કંપનીનો ચોખ્ખા નફાના ગુણોત્તરમાં થોડા અંશે વધ-ઘટ થઈ રહી છે. આથી કહી શકાય કે શરુઆતના ચાર વર્ષોમાં કંપનીની વેચાણના સંદર્ભમાં નફાકારકતામાં વધઘટ થઈ રહી છે ત્યારબાદના ત્રણ વર્ષોમાં કંપનીની નફાકારકતા સતત વધી રહી છે અને છેલ્લા બે-ત્રણ વર્ષોમાં કંપનીની નફાકારકતામાં થોડા અંશે વધ-ઘટ થઈ રહી છે. આથી કહી શકાય કે કંપનીએ પોતાના વેચાણના સંદર્ભમાં ચોખ્ખાનફાનો દર જાળવી રાખ્યો છે. કંપનીએ પોતાની નફાકારકતા જાળવી રાખી છે.

**૧૨. ચોખ્ખા નફાનું વલણ વિશ્લેષણ**

વલણ વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ આરતી ડ્રગ્સ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે ચોખ્ખો નફાનું વલણ શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું. ચોખ્ખા નફાનું વલણ વિશ્લેષણ દર્શાવતું કોષ્ટક નીચે મુજબ છે.


**કોષ્ટક નં 2**

| **વર્ષ** | **ચોખ્ખો નફો (કરોડમાં)** |
|---|---|
| 2007-08 | 13.07 |
| 2008-09 | 15.05 |
| 2009-10 | 26.10 |
| 2010-11 | 22.47 |
| 2011-12 | 22.46 |
| 2012-13 | 45.24 |
| 2013-14 | 61.71 |
| 2014-15 | 77.60 |
| 2015-16 | 66.29 |
| 2016-17 | 75.48 |

(પ્રાપ્તિસ્થાન : વાર્ષિક અહેવાલ www.Aatidrugscompany.com)

ચોખ્ખા નફાનું વલણ વિશ્લેષણ દર્શાવતો ચાર્ટ નીચે મુજબ છે.

**ચાર્ટ નં 1**




ઉપરોક્ત વલણ શોધ પરીક્ષણમાંથી કહી શકાય કે ચોખ્ખા નફાની શ્રેણીમાં વલણ જોવા મળે છે ફીટ રેખીય રીગ્રેશન લાઈનથી $R^2$ નું મૂલ્ય 0.884 છે, જેથી આપણે કહી શકીએ કે આ મોડેલ યોગ્ય છે, 88% ના કક્ષાએ કહી શકાય કે નફામાં 7.99% ના દરે દર વર્ષે વધારો થઈ રહ્યો છે. આથી નિષ્કર્ષ પર આવી શકાય કે ચોખ્ખા નફાની શ્રેણીમાં વલણ શોધી શકાય છે. ચોખ્ખો નફા સમગ્ર સમયગાળા દરમિયાન સારો હતો. ચોખ્ખો નફા સમગ્ર સમયગાળા દરમિયાન હકારત્મક ક્ષેત્રે હતો. 88% ના સ્તરે કહી શકાયકે નફામાં 7.99 % ના દરે દર વર્ષે વધારો થઈ રહ્યો છે. ભવિષ્યમાં પણ કંપનીની નફાકારકતા સારી હશે

## ૧૩.તારણો

1. આરતી ડ્રગ્સ કંપની દેશના વુધ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.
2. આરતી ડ્રગ્સ કંપનીનું નાણાકીય વિશ્લેષણ પરથી માલૂમ પડે છે કે કંપનીનું ભવિષ્ય સારું છે.
3. આરતી ડ્રગ્સ કંપનીનુ પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.
4. આરતી ડ્રગ્સ કંપનીની નાણાકીય કામગીરી સારી છે.
5. આરતી ડ્રગ્સ કંપનીની નફાકારકતા સારી છે.

## સંદર્ભગ્રંથો

1. Agrawal, J.D. (2003). Finance India, vol. no. 3
2. Desai, H.G and Desai, K.G (1192)"Research Methodology and Techniques" Amadawad university, Granthnirman Board Gujarat state.
3. Khan, M.Y. & P.K Jain Financial Manegment,text & problems (third edition)
4. Indian express Magazine
5. Time of Economics Magazine
6. www.Aatidrugscompany.com
7. www.economicstime.Indiatimes
8. www.trai.gov.in
9. India journal of Marketing September 2006
10. Economics and political Weekly Journal Feb 17,2007